# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

************************************************************

1. સંરક્ષણ સહિતના મુદ્દાઓની ચર્ચા માટે ભારત અને જાપાનના પ્રતિનિધિમંડળની બેઠક ચાલી રહી છે.
2. વ્યાવસાયિક ક્ષેત્રના દ્વિપક્ષિય સંબંધોને વધુ સક્ષમ બનાવવા માટે સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે નિર્મલા સિતારામણે બેઠક કરી.
3. ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે બિહારના પટનામાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ બાંધવામાં આવેલા મકાનોની ચાવીઓ લાભાર્થીઓને સોંપી
4. ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધારાઓની અપીલ કરી.
5. ભારતીય શેરબજારમાં વધારા સાથે કારોબાર
6. ભારતીય મહિલા ટીમ આજે FIH હોકી વિશ્વ કપની અંતિમ પૂલ D મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# FUR. REV. INDIA-JAPAN DEFENCE

ભારત-જાપાન સંરક્ષણ મંત્રીઓની બેઠક હાલમાં નવી દિલ્હીમાં ચાલી રહી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને તેમના જાપાની સમકક્ષ શિંજીરો કોઈઝુમી આ બેઠકની સહ-અધ્યક્ષતા કરી રહ્યા છે.

આ બેઠક દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત બનાવવા , વ્યૂહાત્મક વિશ્વાસ અને સહયોગ વધારવા , ભારત-પ્રશાંત ક્ષેત્રમાં સ્થિરતા અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા અને સહયોગના નવા ક્ષેત્રોને ઓળખવાની અપેક્ષા છે. જાપાન દ્વારા સંરક્ષણ સાધનો અને ટેકનોલોજીના ટ્રાન્સફર પરના ત્રણ સિદ્ધાંતોના સુધારાને અનુસરીને, બંને મંત્રીઓ 'મેક-ઇન-ઇન્ડિયા' માળખા હેઠળ ઊંડા દરિયાઇ સુરક્ષા સહયોગ અને સંરક્ષણ સાધનો અને ટેકનોલોજી સહયોગ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. આ બેઠક દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષા સહયોગને વધુ આગળ વધારવા માટે એક રોડમેપ બનાવવાની તક પૂરી પાડે છે.

# INDIA SINGAPORE MEETING

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આજે સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગને મળ્યા હતા. આ બેઠક દરમિયાન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર , કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ પણ હાજર હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે, નેતાઓએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી માટેના રોડમેપના અમલીકરણમાં પ્રગતિની સમીક્ષા કરી હતી અને આર્થિક સહયોગ, ડિજિટલાઇઝેશન, કનેક્ટિવિટી, કૌશલ્ય વિકાસ અને ટકાઉપણું સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવાની ચર્ચા કરી હતી. આજે યોજાનારી ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય રાઉન્ડટેબલના ચોથા રાઉન્ડમાં ભાગ લેવા માટે મંત્રીઓ સિંગાપોરની મુલાકાતે છે.

# PMAY HOUSING

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે પટનામાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ બાંધવામાં આવેલા મકાનોની ચાવીઓ લાભાર્થીઓને સોંપી. બાપુ સભાગાર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં શ્રી ચૌહાણે નવા પસંદ કરાયેલા લાભાર્થીઓને મંજૂરી પત્રોનું વિતરણ પણ કર્યું.

**BYTE: SHIVRAJ SINH CHAUHAN**

# REV. TN-AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં 31 મી દક્ષિણ ઝોનલ કાઉન્સિલની બેઠક મમલ્લાપુરમ નજીક કોવલમમાં યોજાઇ હતી, જેમાં દક્ષિણ રાજ્યોના નેતાઓ અને વરિષ્ઠ અધિકારીઓએ આંતરરાજ્ય વિવાદો, સુરક્ષા અને વિકાસ પ્રાથમિકતાઓ અંગે ચર્ચા કરી હતી. તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજય, કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર, કેરળના મુખ્યમંત્રી, તેલંગાણાના નાયબ મુખ્યમંત્રી, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને પુડુચેરીના ઉપરાજ્યપાલ, આંદામાન નિકોબાર ટાપુઓના ઉપરાજ્યપાલ, લક્ષદ્વીપના પ્રશાસક વહીવટકર્તાઓ અને વિવિધ મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં હાજરી આપી રહ્યા છે.

# INDIA-KABUL MEDICAL HELP

ભારતે કાબુલની એક સરકારી હોસ્પિટલમાં દવાઓ અને તબીબી પુરવઠો પહોંચાડ્યો છે , જે અફઘાનિસ્તાનના લોકો સાથે ભારતની લાંબા સમયથી ચાલી આવતી આરોગ્ય ભાગીદારીને પુષ્ટિ આપે છે.

વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે , આ સહાય અફઘાનિસ્તાનની આરોગ્ય સંભાળ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ભારતની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેનો ઉદ્દેશ્ય કાબુલની સરકારી હોસ્પિટલમાં આરોગ્ય સંભાળ સેવાઓમાં સુધારો કરવાનો છે.

# BHUPENDER-BRICS ARTICLE

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે, ભારત તેના બ્રિક્સ પ્રમુખપદને નાગરિક-કેન્દ્રિત અને 'માનવતા પ્રથમ 'ની ભાવનાથી સંચાલિત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં એક અંગ્રેજી દૈનિકમાં લખાયેલ પોતાના લેખને શેર કરતા, શ્રી યાદવે જણાવ્યું કે , ભારતે મિશન LIFE ના સિદ્ધાંતો પર આધારિત ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે , જેમાં વનીકરણ, જંગલ આગ વ્યવસ્થાપન, આપત્તિ સ્થિતિસ્થાપકતા અને પરંપરાગત જ્ઞાનમાં રહેલા લોકો-કેન્દ્રિત આબોહવા અનુકૂલનનો સમાવેશ થાય છે.

# VP - PM-RAJIV HOMAGE

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. રાજીવ ગાંધી ઓક્ટોબર 1984થી ડિસેમ્બર 1989 સુધી ભારતના પ્રધાનમંત્રી હતા.

સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી રાધાકૃષ્ણને રાજીવ ગાંધીની રાષ્ટ્ર સેવા અને જાહેર જીવનમાં તેમના યોગદાનને યાદ કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CISF-CASH RECOVERED

સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ ( CISF) એ નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર 68 લાખ રૂપિયાથી વધુની બિનહિસાબી રોકડ રકમ જપ્ત કરી છે. CISF એ જણાવ્યું હતું કે, તેના કર્મચારીઓએ શંકાસ્પદ હિલચાલ અને CCTV વિશ્લેષણના આધારે બે મુસાફરો પાસેથી રોકડ રકમ જપ્ત કરી હતી. શંકાના આધારે કાર્યવાહી કરતા CISFના કર્મચારીઓએ વિગતવાર તપાસ માટે એક મુસાફરની ઓળખ કરી હતી.

CCTV સમીક્ષા દરમિયાન, તેની સાથે રહેલા અન્ય મુસાફરની પણ ઓળખ થઈ હતી. બંને મુસાફરો ગુવાહાટી થઇને અગરતલા જઈ રહ્યા હતા. તેમના સામાનની ઝિણવટભરી તપાસ દરમિયાન , બંને મુસાફરો પાસેથી કુલ 68 લાખ 53 હજાર રૂપિયા રોકડા મળી આવ્યા હતા.

# COLLEGE PROTEST CIRCULAR

તમિલનાડુના ઉચ્ચ શિક્ષણ મંત્રી પી. વિશ્વનાથને આજે રાજ્ય વિધાનસભામાં સ્પષ્ટતા કરી હતી કે , રાજ્યમાં વિદ્યાર્થીઓ કે યુવાનોના કાયદેસરના અધિકારો પર અંકુશ લગાવવાનો સરકારનો કોઈ ઈરાદો નથી. વિદ્યાર્થીઓના પ્રદર્શનો પર કોલેજોને અગાઉના પરિપત્ર અંગેના કોલ નોટિસના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે , રાજ્યમાં શિસ્ત, કાયદો અને વ્યવસ્થા જાળવવાના સંદર્ભમાં એક પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો.

# J&K SUBSIDENCE

જમ્મુ જિલ્લાના ખેરી ગામમાં ભૂસ્ખલનથી અંદાજે 12 મકાનો નષ્ટ થયા છે. બે ઘરોને ભારે નુકસાન થયું છે. આ ઉપરાંત ખેતીની જમીન અને રસ્તોને પણ અસર થઇ છે. મહેસૂલ અને પોલીસ ટીમોએ પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું છે. રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

# INDIA UN REFORMS

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ ( UNSC)માં તાત્કાલિક સુધારાઓની અપીલ કરી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની રચના અને નિર્ણય લેવાની પ્રક્રિયા વર્તમાન વૈશ્વિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે અને વિકાસશીલ દેશોને વધુ પ્રતિનિધિત્વ પૂરૂં પાડે તેવી પણ માંગણી કરી છે.

કાર્યકારી પદ્ધતિઓ પર UNSCની મુક્ત ચર્ચામાં બોલતા UNમાં ભારતના ચાર્જ ડી'અફેર્સ યોજના પટેલે જણાવ્યું હતું કે, સુધારાની જરૂરિયાત પહેલા કરતાં વધુ સ્પષ્ટ અને તાકીદની છે.

# PANAMA-DISPUTE

હોંગકોંગના સીકે હચિસને જૂશે પનામા કેનાલ પરના બે બંદરો જપ્ત કરવા બદલ પનામા સામે 1.5 અબજ યુએસ ડોલરથી વધુના નુકસાનની માંગણી કરીને નવી મધ્યસ્થી કાર્યવાહી શરૂ કરી છે. કંપનીએ આરોપ લગાવ્યો છે કે , પનામાએ બાલ્બોઆ અને ક્રિસ્ટોબલ બંદરોના સંચાલન માટે તેની દાયકાઓ જૂના કરારને લક્ષ્ય બનાવીને રોકાણ સુરક્ષા સંધિનું ઉલ્લંઘન કર્યું છે.

# STOCKS 1200

યુએસ બોન્ડ યીલ્ડમાં ઘટાડાને પગલે આજે બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં તેજી જોવા મળી હતી. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 540 પોઈન્ટ, જ્યારે નિફ્ટી 130થી વધુ પોઈન્ટ વધીને કારોબાર કરી રહ્યાં હતા. મોટાભાગની સ્ક્રીપોમાં લેવાલી જોવા મળી રહી છે.

# RUSSIA-UKRAINE

રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર ગત રાત્રે મિસાઇલ હુમલો કર્યો, જેમાં છ લોકોના મોત થયા અને 33 અન્ય ઘાયલ થયા. યુક્રેનની ઇમરજન્સી સર્વિસે જણાવ્યું હતું કે, આ હુમલાઓ ત્રણ જિલ્લાઓના 12 સ્થળોએ થયા , જેમાં રહેણાંક ઇમારતો , એક તબીબી સુવિધા અને એક શૈક્ષણિક સંસ્થાને નુકસાન થયું.

# HOCKEY WORLD CUP

ભારતીય મહિલા ટીમ આજે FIH હોકી વર્લ્ડ કપના અંતિમ પૂલ D મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે. આ મેચ એમ્સ્ટલવીનના વેગનર સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 6:30 વાગ્યે શરૂ થશે.

આ મેચમાં જીત કે ડ્રો ભારતને પૂલમાં ટોચનું સ્થાન અપાવશે અને આગામી રાઉન્ડ માટે ક્વોલિફાય કરશે. બીજી તરફ, ભારતીય પુરુષ હોકી ટીમે ગઈકાલે તેમના અંતિમ ગ્રુપ મેચમાં હરીફ પાકિસ્તાનને 5-3થી હરાવીને આગામી રાઉન્ડ માટે ક્વોલિફાય કર્યું.

# BADMINTON - ANTICA INTERNATIONAL

એન્ટિકા સિંગાપોર ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટનમાં , મોહિત જગલાન અને લક્ષ્મીતા જગલાન વોકઓવર મળ્યા બાદ મિક્સ ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા. હવે તેમનો સામનો સિંગાપોરની જોડી સામે થશે.